**અનુસૂચિત જાતિની અતિ પછાત જાતિઓને ટકાવારીના ધોરણે લાભ આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-અપબ-૧૩૦૪-૨૧૬-જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 12 AUG 2004

<u>પરિપત્ર :-</u>

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓના શૈક્ષણીક, સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે ખાસ અંગભૂત યોજનાનો અમલ ૧૯૭૯થી કરવામાં આવી રહેલ છે. આ યોજના સમાજની કચડાયેલી ગરીબ અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે દાખલ કરવામાં આવેલ છે. રાજ્યની આયોજનની કુલ જોગવાઇ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ )આયોજન પ્રભાગ ધ્વારા જુદા જુદા વિભાગોને તેમની કામગીરી માટે ફાળવવામાં આવે છે. આ આયોજનની થયેલ ફાળવણીમાંથી રાજ્યની અનુસૂચિત જાતિની વસ્તીના પ્રમાણમાં એટલે કે ૭.૪૧ ટકા રકમ દરેક વિભાગે ખાસ અંગભૂત યોજનામાં ફાળવવાની હોય છે. અને તે ફાળવણીના આધારે ખાસ અંગભૂત યોજનાનું કદ નક્કી થાય છે.

૨. ખાસ અંગભૂત યોજના અનુસૂચિત જાતિના લોકોના આર્થિક, શૈક્ષણીક અને સામાજિક ઉત્કર્ષ માટે દાખલ કરેલ છે. અનુસૂચિત જાતિઓમાં પણ કેટલીક અતિ પછાત જાતિઓ છે કે જેમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે તેમજ આર્થિક રીતે પણ તેમની સ્થિતી ઘણી ખરાબ છે. આવી અતિ પછાત જાતિઓના શૈક્ષણીક અને આર્થિક રીતે ઉત્કર્ષ કરવા તેમજ તેમને પરંપરાગત વ્યવસાયમાંથી બહાર લાવી અને અન્ય ધંધા-રોજગારમાં જોતરવા માટે સરકારને દરેક વિભાગ/ખાતાની યોજનાઓમાં આ અતિ પછાત જાતિઓ માટે ટકાવારી નિશ્ચિત કરવાનું જરૂરી જણાયું છે. આ માટે જરૂરી વિચારણા કરીને, સરકારના વિવિધ વિભાગોની ખાસ અંગભૂત યોજનામાં અનુસૂચિત જાતિઓ માટે કરવામાં આવતી દરેક યોજનાની જોગવાઇની ૧૫ ટકા રકમ અતિ પછાત જાતિના વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસૂચિત જાતિના બાવા માટે નિયત કરવાનું નક્કી કરેલ છે.

૩. ઉપર્યુક્ત હકીકત ધ્યાને લઇ ખાસ અંગભૂત યોજનાની દરેક યોજનામાં ફાળવેલ રકમના ૧૫ ટકા રકમ અતિ પછાત જાતિઓ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી ગરો, વણકર સાધુ અને અનુસૂચિત જાતિના બાવા માટે નિયત કરવા દરેક વિભાગે અનુસૂચિત જાતિઓને લગતી દરેક યોજનામાં તે મુજબ સુધારો કરવા આથી જણાવવામાં આવે છે, તથા તેનો અમલ થાય તે જોવા જણાવવામાં આવે છે.

//૨//

૪. કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની જે રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસૂચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

૫. દરેક વિભાગે આ હુકમનો યોગ્ય અમલ થાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરવાના રહેશે, અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની ક-શાખાને મોકલવમાં આવતા સામયિક પત્રકોમાં અતિ પછાત જાતિઓ માટે કરવામાં આવેલ કામગીરીની વિગત અલગ રીતે દર્શાવવાની રહેશે.

આ સૂચના આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલમાં અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)ની તા.૯-૭-૦૪થી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પોપટસિંહ વાઘેલા )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના :-

- -માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- -માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- -માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- -માન.મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- -અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી સર્વ વિભાગો.
- -એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- -નિયામકશ્રી, અનુસૂચિત જાતી કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- -સર્વ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
- -સિલેકટ ફાઈલ.